# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

## સલામી સવારની..

માન-સન્માનથી તપસ્વી યોગી રીજાઇ જાય છે,
આવે અસર દેનારના હાથની સીજાઇ જાય છે,
મિંચાઇ જાય આંખ દૂધ પીતી બિલાડીની, બાબા!
એવોર્ડના વરસાદે ભલભલા ભીંજાઇ જાય છે!
(બાબા રામદેવ લપસ્યા!)

## હાઇકુ

વકીલાત 'ફી
નું કરે ઋણ અદા -
જેઠમલાણી..
(હવામાન જેવી આગાહી)

પવારને તો,
સુકાળ કે દુકાળ -
બે હાથે લાડું!
(હવે કરાવશે કાળાં બજાર)

## ચિંતન

**યાવત્સ્વસ્થામિદં શરીર મરુજં યાવજ્જરા દૂરતો યાવચ્ચેન્દ્રિયશક્તિર પ્રતિહતા યાવત્ક્ષયો નાયુષઃ ।**
**આત્મશ્રેયસિ તાવદેવ વિદુષા કાર્યઃ પ્રયત્નો મહાન સંદીપ્તે ભવને તુ કૂપ ખનનં પ્રત્યુધમઃ કીદંશઃ ॥**

પાણી પહેલાં પાળ બાંધો, આગ લાગે ત્યારે કૂવો ખોદવાનો શું અર્થ? આ સાર સમજાવતો આ શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો છે.

'જયાં સુધી પોતાનું શરીર નિરોગી છે (શરીર સંપૂર્ણ પણ તમારા મન અને ઇચ્છાઓને સાથ આપી શકે એવું તંદુરસ્ત છે) જયાં સુધી વૃધ્ધાવસ્થા દૂર છે જયાં સુધી ઇન્દ્રીયો શક્તિ હણાયા વિનાની છે, જયાં સુધી આયુષ્યનો નાશ થયો નથી અર્થાત યૌવન છે શરીર અને ઇન્દ્રિયો તમારી આજ્ઞામાં છે ત્યાં સુધી સમજુ માણસે પોતાના કલ્યાણ માટે પ્રયત્નો કરી લેવા જોઇએ, કારણ કે ઘર સળગ્યા પછી કૂવો ખોદવા બેસવું એના જેવો વિપરીત ઉદ્યમ બીજો કયો હોઇ શકે?'

આપણા શરીરને જયારે રોગ ઘેરી લે છે પછી જ આપણે બચાવના પ્રયત્ન કરીએ છીએ જેમ આતંકી હુમલામાં નિર્દોષના મૃત્યુ પછી સરકાર 'એલર્ટ' જાહેર કરે, પહેલાંથી 'એલર્ટ' કેમ નથી રહેતા!

યુવાનીમાં જ ખાવા-પીવા અને નિયમિતતા તથા કસરત અને શરીર પર ધ્યાન રાખી જાગૃત રહ્યા હોઇએ તો પછી લેબોરેટરી-ડોકટર-દવા અને ચરીના કૂવા ખોદવાની જરૂર ન પડે! શરીર સાધના અને સફળતાનું સાધન છે એને સાચવવા જાગૃત રહેવું.

## સુવિચાર

- સંપત્તિ, સત્તા અને શરીરનો કાળ દુરૂપયોગ કરે એનાં પહેલાં તમે જ એનો સદુપયોગ કરી લ્યો - **એસ. ભટ્ટાચાર્ય**
- સમય, સમૃધ્ધિ કરતાં પણ વધારે કિંમતી છે, ધન-સંપત્તિ નાશ પામશે તો પણ ફરી પ્રાપ્ત થઇ શકે છે પણ ખોવાયેલો સમય પાછો મેળવી શકાતો નથી - **અનામી**
- કોઇ પણ કાર્ય યોગ્ય રીતે અને યોગ્ય સમયે થાય તે જ મહત્ત્વનું છે - **લૉંગ ફેલો**
- કોઇ પણ બાબત સમય આપણને સમજાવે એના પહેલાં આપણે જાતે જ સમજી લેવી જોઇએ - **રિચર્ડ વ્હેથલેટ**
- જો સમય આપણને અનુકૂળ ન હોય તો સારું અને સાચું કામ થતું નથી- **આરિફશા**
- જયારે સમય આપણા હાથમાંથી નીકળી જાય છે પછી માત્ર પસ્તાવો જ આપણા હાથમાં રહે છે - **સ્વેટ માર્ટન**
- દરેક કામ, વ્યક્તિ અને સ્થળનો સમય હોય છે - **શેકસપિયર**

## બોધ કથા

ગૌચર જમીન, ગૌવંશ હત્યા અને કતલખાના એ આજકાલ મત-મશીન આસપાસ મંડરાતા ડોળાની વાત છે. મત અને કતલખાનાનું 'સંકલન' પણ અદ્દભૂત છે. પહેલાં ગાયો કપાય પછી જનતા-ઠરાવો-પરિપત્રો સંકલ્પો છતાં ગાયોથી ભરેલી ટ્રકો રોજ પકડાય છે. ગાયને કતલખાને દોરી જવી હોય, અરે બકરાં જેવું બકરું પણ સમજી જાય છે કે એને 'કયાં લઇ જવાય છે' પગ ખોળી નાખે દોરડે બાંધી ખેંચવા પડે!

પણ 'મા' જેવી માનવતા અને માતૃહૃદયની આ વાત છે. માનો પ્રેમ વત્સ તરફનું વાત્સલ્ય અને તન માટેનો ત્યાગ કેવો હોય?!

લાહોરના ભાટી બજારનો એક ખાન ગાયને કતલખાને લઇ જવાની પેરવીમાં હતો. ગાય સમજી ગઇ હતી. પગ એવા જડબેસલાક ધરતીમાં ખોસી દે છે કે, એક તસુ પણ ખસે નહીં.

આખરે ખાનને કોઇએ યુક્તિ બતાવી, વિકટોરીયા ગાડી લાવ્યો, એ ગાયના વાછરડાને બગીમાં પગ પાસે બેસાડયો. ગાયને છૂટી મૂકી. અને વિકરોટીયા ઉપડી કતલખાના તરફ..

ગાયની આંખમાં કાળાં આંસુનો રેલો આવ્યો, પણ એ પણ વિકટોરીયા પાછળ દોડતી દોડતી આવી. એને ખબર હતી કે વિકટોરીયા કતલખાનાને માર્ગે જ જાય છે પણ આજે એ ગાય નો'તી માતૃત્વ, એ વત્સલ વાછરડા પાછળ દોડતું દોડતું કતલખાને જતું હતું..

# બધાં છોકરાઓ રીક્ષામાંથી ઉતરી સ્કૂલ બેગ લઇ કલાસરૂમ તરફ દોડયા, સેજલના એક હાથમાં રોહનની સ્કૂલ બેગ હતી અને બીજા હાથે તેણે રોહનની આંગળી પકડી હતી, રોહનને લઇ તે સ્કૂલ તરફ આગળ વધી

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

'મમ્મી કાલથી હું સ્કૂલ નહીં જાઉં.'

'કેમ'

'મને ટીચરે ખુબ માર્યું અને કહ્યું કે બાપનું નામ પણ સાચું જાણતો નથી. મમ્મી મારા પપ્પાનું નામ શું છે?'

'તે શું કહ્યું?'

મેં કહ્યું જયેશભાઇ તો ટીચરે રજિસ્ટ્રરમાં જોઇને મને કહ્યું, તારા પપ્પાનું નામ જયેશભાઇ નથી. સુરેશભાઇ છે. મમ્મી હવે તું જ કાલ સ્કૂલમાં આવીને મારા ટીચરને કહી દે ને કે મેં જે કહ્યું છે તે સાચું છે. મારા પપ્પાનું નામ જયેશભાઇ જ છે. કેમ કે, ટીચરે મને ધમકાવ્યો તો કલાસનાં બધાં છોકરાં મારા પર હસતાં હતા. અલ્યા આને ખબર નથી કે એના પપ્પાનું નામ શું છે. મમ્મી તું જો નહીં આવે તો હું કાલથી સ્કૂલે નહીં જાઉં.' રોહને રડતાં રડતાં કહ્યું.

સેજલે તેને ખોળામાં લઇ લીધો અને સાડીનાં પાલવથી આંસુ લૂંછતાં કહ્યું, 'બેટાં હું કાલે તારી ટીચર પાસે આવીશ.'

બીજે દિવસે સવારે સેજલે રોહનને સ્કૂલમાં યુનિફોર્મ પહેરાવી તૈયાર કર્યો. તેની સ્કૂલ બૅગમાં નાસ્તો અને વૉટરબૅગ મુકી રોહન હજુ માંડ પાંચ વર્ષનો હતો. તેને આ વર્ષે જ જુનિયર કે.જી. માં બેસાડ્યો હતો. સેજલ રોહનને લઇ બંગલાની બહાર આવી ત્યાં સ્કૂલની રીક્ષા આવી. આજે સેજલ પણ રોહનની સાથે રીક્ષામાં બેસી ગઇ.

સ્કૂલના દરવાજે રીક્ષા ઊભી રહી એટલે બધાં છોકરાઓ રીક્ષામાંથી ઉતરી સ્કૂલ બૅગ લઇ કલાસરૂમ તરફ દોડયા. સેજલના એક હાથમાં રોહનની સ્કૂલ બૅગ હતી અને બીજા હાથે તેણે રોહનની આંગળી પકડી હતી. રોહનને લઇ તે સ્કૂલ તરફ આગળ વધી. ત્યાં જ તેને સામે રોહનના કલાસ ટીચર ચેતના બહેન મળ્યાં. તેમણે સામેથી કહ્યું, 'તમે જ રોહનના મમ્મી છો ખરું ને?'

'હાં'

'મારે તમારી સાથે વાત કરવી છે, રોહનને તેના કલાસમાં જવા દો.'

'ભલે' કહેતાં આંગળી છોડાવી રહોનને કલાસમાં જવા માટે સેજલે કહ્યું એટલે એ પોતાની સ્કૂલ બૅગ લઇ દોડતો કલાસ રૂમમાં જતો રહ્યો.

સાડા પાંચ ફૂટ ઊંચાઇ, ભરાવદાર શરીર, વાંકડીયા વાળ અને પાણીદાર આંખો, ઘઉંવર્ણો વાન ગળામાં મંગળસૂત્ર અને લલાટમાં મોટો ચાંદલો તેની સાડી પહેરવાની ખાસ સ્ટાઇલ તે ચેતના ટીચર જોઇ જ રહ્યાં હતા. પણ તેમના મૌનને તોડતાં સેજલે પૂછ્યું. 'બહેન તમે મને બોલાવી હતી?'

'હાં, તમે કંઇ જૉબ કરો છો કે હાઉસ વાઇફ છો.'

'કેમ?'

'તમારા દીકરાને એ પણ ખબર નથી કે તેના પપ્પા કોણ છે.'

'ના ટીચર, એવું નથી.'

'તો પછી'

'રોહન જે કહે છે તે વાત સાચી છે અને તમારા રજિસ્ટ્રરમાં જે નામ લખ્યું છે તે પણ સાચું છે.'

'મને કંઇ સમજ પડી નહીં' ચેતના ટીચર સેજલની સામે જોઇ રહ્યાં.

હું તમને સમજાવું. લગભગ સાતેક વર્ષ પહેલાં મારાં લગ્ન સુરેશ સાથે થયા. હું પરણીને ગાંધીનગર આવી. ત્યારે મારા સસરા પ્રમોદભાઇ એક આઇ.એ.એસ. અધિકારીની ગાડી ચલાવતા હતા. મારા પતિ સુરેશ બારણા ધોરણમાં નાપાસ થતાં તેણે ભણવાનું છોડી દીધેલું. તે પણ ડ્રાઇવિંગ શીખી ગયા હતા. મારા સસરાની ઓળખાણને લીધે સુરેશને ફિક્સ પગારની ડ્રાઇવર તરીકેની નોકરી મળી ગઇ હતી. તેનો પગાર ટૂંકો હતો. પણ સસરાને કાયમી નોકરી હોવાથી પગાર સારો હતો. તેથી ઘર ચલાવવામાં કોઇ તકલીફ જેવું ન હતું. વળી અમે અધિકારીનાં બંગલા પાછળ આવેલા આઉટ હાઉસમાં રહેતાં હતા. મારાં સાસુ અધિકારીને ત્યાં રસોઇ બનાવતાં તેથી તેની પણ આવક હતી. મારે એક નાનો દિયર હતો. જે હવે મારો પતિ છે જયેશ. તે હજુ ભણતો હતો. મારા પતિની ઉંમર મારા કરતાં બે-ત્રણ વર્ષ વધુ હતી. હું માંડ અઢાર વર્ષની થઇને મને પરણાવી દેવામાં આવી હતી. મારો દિયર ઉંમરમાં મારા કરતાં એકાદ વર્ષ નાનો હતો. અમારે દિયર ભાભીને ખૂબ જ બનતું. મારા પતિ અને સસરાને નોકરીને લીધે અવારનવાર બહાર જવાનું થતું. દિયર જયેશ ભણવામાં હોંશિયર હતો. હું તેનું ખુબ જ ધ્યાન રાખતી. એ પણ કયારેય મારી સાથે મજાક મસ્તી કરી લેતો. મારાં સાસુ પણ ઘરમાં હોય નહીં અમે બન્ને જ હોઇએ. 'ઓહ! તો પછી?'

'ના બહેન તમે કદાચ વિચાર્યું હશે તેવું કંઇ ન હતું. અમારા વચ્ચેનાં સંબંધો ખુબ જ નિર્મળ હતા.' સેજલે કહ્યું.

'તો પછી?'

વાત જાણે એમ બની કે એક દિવસ સવારના પાંચ વાગ્યે અમે જયાં રહેતાં હતા તે બગલામાં રહેતા સાહેબને ફોન આવ્યો. તેમના નોકરે આવીને મારા સસરાને જગાડ્યા. મારો પતિ સુરેશ બે દિવસથી સાહેબની સાથે બહાર ટૂર પર ગયો હતો. મારાં લગ્નને ત્યારે માંડ દોઢ વર્ષ થયું હતું. બે મહિના પહેલાં જ મેં રોહનને જન્મ આપ્યો હતો. ત્યાં મારા ઉપર આભ તૂટી પડ્યું.

'એવું તે શું બન્યું?'

'બહેન સુરતથી આવતાં મારા પતિની કારને અકસ્માત થયો હતો. એ અકસ્માતમાં જ તેમનું મૃત્યુ થયું.' ફોન પર આ સમાચાર સાંભળીને મારા સસરા તો હત્પ્રભ થઇ ગયા હતા. સાસને સસરાની આંખમાં આંસુ સુકાતાં નહોતા તો બીજી તરફ મને મારું જીવન અંધકારમય લાગવા માંડ્યું હતું. હવે શું થશે? આ છોકરાનું શું? એ બધાં મને સતાવવા લાગ્યા. પણ મેં જિંદગી સામે લડી લેવાનો નિર્ધાર કરી લીધો હતો. અમારી જ્ઞાતિમાં બીજા લગ્ન થઇ શકતા હતા. પણ આંગળીયાત તરીકે દીકરાને લઇ જાઉં ત્યાં તેનું ભવિષ્ય કેવું બને તે અનિશ્ચિત હતું. વળી પતિના અકસ્માત મૃત્યુના કારણે તેના વીમા અને વળતરનો કેસ કોર્ટમાં ઊભો હોય ત્યાં સુધી હું કંઇ કરી શકું તેમ ન હતી.

એક દિવસ સસરા નોકરીએ ગયા હતા. દિયર કૉલેજ ગયો હતો. સાસુજીના નજીકમાં કોઇ ગુજરી ગયેલા તેથી તે લોકાચારે ગયા હતા. બંગલામાં રહેતા સાહેબ અને મૅડમ બંને નોકરી કરતાં હતા. મૅડમની બદલી અમદાવાદ થઇ ગયેલી તેથી એ સવારે જમીને જતાં રહેતા. જયારે સાહેબ બપોરે જમવા આવતા હતા. તે દિવસે ઘરે હું એકલી હોવાથી સાહેબને જમાડવાની જવાબદારી મારા માથે હતી. બપોરના સાહેબની ગાડી બંગલાનાં પ્રાંગણમાં આવીને ઊભી રહી એટલે આઉટ હાઉસમાંથી હું બંગલામાં ગઇ. મેં જમવાનું ગરમ કરી ડાઇનિંગ ટેબલ પર સજાવ્યું ત્યાં સુધીમાં સાહેબ ફ્રૅશ થઇને આવી ગયા. તે નિરાંતે જમતા હતા. હું જમવાનું પિરસતી હતી. ત્યાં મારો સાડીનો છેડો જરા ખસી ગયો. તેને હું ઠીક કરવા જતી હતી ત્યાં સાહેબે મારો હાથ પકડી લીધો. હું ખૂબ ગભરાઇ ગઇ. મેં કહ્યું, 'સાહેબ મારો દીકરો પડે છે, હું હમણાં આવું છું એમ કહીને હાથ છોડાવી આઉટ હાઉસમાં ભાગીને આવતી રહી. મારા હૃદયનાં ધબકારા ખુબ જ વધી ગયા હતા. સાહેબે તે પછી મને બોલાવવા બૂમ પાડી પણ હું ગઇ નહીં. ત્યાં સુધીમાં મારો દિયર જયેશ કૉલેજથી આવી ગયો તેથી મને શાંતિ થઇ. સાહેબ ફરી ઑફિસે જતા રહ્યાં.'

તે પછી સાહેબ મોકો જોઇને અવારનવાર કોઇ ને કોઇ બહાનું કાઢી મને બંગલામાં બોલાવતા પણ હું મોટા ભાગે જવાનું ટાળતી હતી. તેથી એ ગુસ્સે ભરાયા. તેણે આઉટ હાઉસ ખાલી કરવાનું મારા સસરાને જણાવી દીધું. તેથી અમારે સેકટરમાં ભાડાના મકાનમાં રહેવા જવું પડ્યું.

સમય વીતતો ગયો. રોહન હવે મોટો થવા લાગ્યો હતો. તે હવે બહાર રમવા જવા લાગ્યો હતો. દિયરને ભણી રહ્યા પછી એક પ્રાઇવેટ ફર્મમાં એકાઉન્ટટની નોકરી મળી ગઇ હતી. સાસુએ દીકરાના વિરહમાંથી મનને ભક્તિમાં વાળ્યું હતું. તે કથાવાર્તા અને ભજન કિર્તનમાં તેમનો મોટા ભાગનો સમય વિતાવતાં હતા. સસરા પરપ્રાંતિય અધિકારીના ડ્રાઇવર તરીકે નોકરી કરતાં હોવાથી કયારેય છાંટો પાણી લેતા એવું મારા સાસુ પાસેથી મેં સાંભળ્યું હતું. પણ દીકરાના અકસ્માત મૃત્યુ પછી તેના ગમને ભુલાવવા એ વધુ પડતું પીવા લાગ્યા હતા. એક દિવસ હું ઘરમાં એકલી હતી ત્યારે એ દારૂના નશામાં ધુર્ત થઇને આવ્યા. હું કંઇ સમજું કે કહું તે પહેલાં તેમણે રૂમનું બારણું બંધ કરી દીધું અને નશામાં મારા પર બળાત્કાર ગુજાર્યો. અને પછી બારણું ખોલી બહાર જતા રહ્યાં. ત્યારે હું ખુબ રડી. મારા સાસુ એમ સમજ્યા કે હું મારા પતિને યાદ કરીને રડું છું. તે મને આશ્વાસન આપવાં લાગ્યાં. તેથી હું મારી કથની તેમને કહી ન શકી. પણ થોડા જ દિવસમાં ઘટી ગયેલી ઘટનાએ તેનું પોત પ્રકાશ્યું. મને ઉબકા આવવા લાગ્યા. મારા સાસુને દિયર પર વહેમ ગયો. પણ મનમાં ને મનમાં એ રાજી થયાં. ચાલો જે થયું તે ઠીક જ થયું છે. ઘીના ઠામનાં ઘી ઠરી રહેશે. તેમને મારા સસરાંને વાત કરી એ તો ખુશ થઇ ગયા. જયેશ બિચારો નિર્દોષ હતો. તે એક છોકરીના પ્રેમમાં હતો, અને તેની સાથે લગ્ન કરવા માંગતો હતો. પરંતુ મારા સાસુ સસરાએ તેના પર દબાણ વધારી દીધું. હું મજબૂર હતી. કોઇને કઇ કહી શકું તેવી મારી હાલત નહોતી. છેવટે મારે મારા દિયર જયેશ સાથે લગ્ન કરવાં માંડ્યા. તે પણ તાત્કાલિક અને ઘડિયા લગ્ન થયાં. પુરા માસે મેં બાળકીને જન્મ આપ્યો.

રોહન મોટો થતાં અમે તેને સ્કૂલમાં દાખલ કર્યો. પરંતુ તેના પપ્પાના અકસ્માત વીમા અને વળતરનો કેસ ઉભો હતો તેથી પિતા તરીકે તેના પપ્પાનું નામ અને નિશાળમાં લખાવ્યું. પણ એ તો બિચારો મારા દિયર જયેશ ને જ પપ્પા સમજતો હતો તેથી તમે જયારે તેના પપ્પાનું નામ પૂછ્યું ત્યારે તેણે એ કહ્યું.

'સેજલબેન તમારી કહાણી જાણ્યા પછી રોહનને ઠપકો આપવા બદલ મને ખુબ પસ્તાવો થાય છે પણ શું કરું?'

'બહેન હજુ આ વાત પુરી તો થઇ જ નથી. તમે જ વિચારો મારી જે છ મહિનાની દીકરી છે, એ મોટી થશે ત્યારે તેને પણ આજ પ્રશ્ન ઊભો થશે. તેની પાછળ પિતા તરીકે તો જયેશનું નામ લાગશે પણ ખરી વાત તો હું જ જાણું છું કે તેનો બાપ કોણ છે. પણ હાં ખોટી હોવા છતાં તેની વાતને ટીચર સાચી માનશે અને તેને ઠપકો આપશે નહીં કે મારશે નહીં પણ મારો આત્મા મને ઠપકો આપે તો મારે કોને કહેવું તમે જ કહો.' સેજલે કહ્યું.

ચેતના ટીચર વિચારમાં પડી ગયા. સેજલના જીવનના તાણાવાણાનો તાગ તેમણે મળતો ન હતો.

- vanvihari@gmail.com

# આશ્રમમાં રહેતા તમામ આશ્રમવાસીઓ - જેઓની સંખ્યા ૧૦૧૦ થી વધારે છે, તેમનો પરિવાર વિધવિધ તહેવારો ઉજવે છે, અને એક મોટા કુટુંબની જેમ સુખદુઃખ વહેંચીને સાથે જીવે છે, કેમ કે બધાં સમદુખિયાં છે

## પારિજાત

- રેખા ભટ્ટ

**સગપણ હતાં ત્યાં લોહીનાં, સગપણના સાંધા તુટી ગયા**
**જયાં ઓળખાણ પણ નથી, માનવતાનાં સગપણ સંધાઇ ગયાં**

મોટા ભાગે એવું કહેવાય છે કે લોહીની સગાઇ સૌથી મોટી છે. ગમે તેવા વિખવાદ - વિવાદ હોય તેમ છતાં આખરે પોતાનું લોહી પોકાર કરે છે. અથવા એમ પણ કહેવાય કે ''ડાંગે માર્યા પાણી છૂટાં ના પાડે'' આ બધી કહેવતો સાચી પણ કયાં સુધી? આપણા જ કુટુંબીજનોને રક્તપિત્ત થયો છે એવી ખબર પડે, ધીમે ધીમે આ રોગ વકરતો જાય, દર્દીનાં અંગો સંવેદનશીલતા ગુમાવતાં જાય, લોહી-પરૂ નીતરતાં માંડે, હાથ-પગનાં આંગળાં સડીને - કહોવાઇની ખરતાં જાય, નજીક જઇએ એટલે કહોવાટની દુર્ગંધ નાક વાટે થઇ આપણા આખા શરીરમાં ફેલાઇ જાય અને એ એ શ્વાસ લેતાં પણ આપણને ગભરામણ થાય, ત્યારે પણ આપણી એ લોહીની સગાઇ પણ આપણને યાદ રહેશે ખરી? લોક લાજે દવા કરાવીશું. સેવા ચાકરી કરીએ છીએ એવો ડોળ કરીશું પણ ખબર પડે કે આ રોગ ચેપી હોઇ શકે. અને પંદર-વીસ વર્ષની લાંબી સારવાર પછી આ રોગ કદાચ મટે તો મટે! અને તોયે આપણે એમના ખાટલા પાસે બેસીને એમનાં ઘા-સાફ કરીશું? ના... ના... અને ના... અને હવે ''લોહીની સગાઇ'' શબ્દ વામણો બની જશે.

'રક્તપિત્ત' એવો શબ્દ છે કે એના રોગીના સંસર્ગમાં ન આવીએ તેમ છતાં આપણીને ડરામણો લાગે છે. ઘૃણાસ્પદ લાગે છે. કોઇને રક્તપિત્ત થયા પછી, સારવાર બાદ સંપૂર્ણપણે મટી ગયો એવું જાણતા હોવા છતાં, આપણામાંના મોટા ભાગનાં સૌ, એ દર્દીનાં હાથે લાવેલું પાણી પીવા તૈયાર નહીં થઇએ કે, એમણે ધરેલા રૂમાલથી હાથ નહીં લૂછીએ.

તોયે આ દુનિયામાં એવા મુઠ્ઠીભર માણસો છે - કે જેઓ, આ લોકોની સેવા પાછળ પોતાનો આખો જન્મારો ખર્ચી નાખે છે. એવું એક નામ છે સુરેશભાઇ સોનીનું - જેઓ ૧૯૮૮થી સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ - સંસ્થા ઉભી કરી સતત આ સેવા યજ્ઞ ચલાવી રહ્યાં છે.

રક્તપિત્તગ્રસ્ત ભાઇ-બહેનોને કોઇ પણ વાંક-ગુના વગર, સગાં વ્હાલાં અને સમાજે માત્ર રોગને કારણે તિરસ્કૃત કર્યાં છે. તેમની સુરેશભાઇ સારવાર કરે છે. સંસ્થાની હોસ્પિટલમાં દાખલ કરી જખમની સર્જરીના ઑપરેશન કરાવે છે. આસપાસના વિસ્તારના ડૉકટરોની સેવાઓ તેમને મળે છે. આ રક્તપિત્ત ગ્રસ્તો લાંબા સમયની સારવાર પછી સાજા થાય છે. પણ તેમનાં અંગોની વિકૃતિ જતી રહેતી નથી. અને પોતાના વતનમાં જયારે એ લોકો પરત જાય ત્યારે સમાજ તેમને પાછાં સ્વીકારતો નથી. ત્યારે એ તરછોડાયેલાંને અપમાન સહન કરવું પડે છે. તેમને ભીખ માંગવી ગમતી નથી. સ્વમાનભેર જીવવું હોય છે. ત્યારે સહયોગ કૃષ્ટયજ્ઞ તેમને પગભર થવાય તે માટે પણ સહાયરૂપ બને છે. તેમનાં પુર્નવસનનું કામ કરે છે.

સંસ્થામાં તેમના માટે રહેઠાણો બનાવ્યાં છે. તેમનાં બાળકોને ભણવા માટે શાળા-છાત્રાલય બનાવ્યું છે. કેમ કે, રોગ મટ્યા પછી પણ વિકૃતિઓ રહી ગઇ હોય એટલે કામ થાય નહીં. ગામના છેવાડે પડી રહે. અને ભીખ માગવા મજબૂર થાય. એટલે એમનાં બાળકોને ભણાવવા સારા નાગરિકો બનાવવા માટે શાળા-છાત્રાલય બનાવ્યા છે. આ બાળકો પણ જિલ્લા કક્ષાએ અને રાજયકક્ષાએ રમતગમતોમાં અને વિવિધ હરિફાઇઓમાં ઝબકે છે. તેમાનાં જ વિદ્યાર્થીઓ મોટા થઇને અહીં સેવા આપે છે.

આ ઉપરાંત સૌથી અઘરું અને ચેલેન્જિંગ કામ સંસ્થા કરી રહી છે તે છે મંદબુધ્ધિવાળાં બાળકોને તાલીમ આપવાનું. મંદબુધ્ધિવાળા બાળકો તેમના પરિવારજનો માટે બોજારૂપ બની જાય છે. અને સમાજ તેમને ચીડવીને - ખીજવીને - ગાંડપણ તરફ ધકેલે છે. અને મા-બાપ પણ તેમની સંભાળ રાખવામાં ધીરજ ગુમાવી બેસે છે. ત્યારે તેવાં બાળકોને આ સંસ્થા ખાતે તાલીમ આપવામાં આવે છે. તેમની સમજશક્તિ મુજબ વર્તન બદલી શકે. તેવું તેનું ધ્યાન રાખવામાં આવે છે. તેઓ રમી શકે તેવી રમતોમાં પ્રવૃત્ત રાખવામાં આવે છે. એવાં લગભગ ૩૪૦ જેટલાં બાળકો ભેગાં મળી ભણે છે. વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. કેમ કે, આ બાળકોને પ્રવૃત્તિમય રાખવાં તે ખૂબ કપરૂં કામ છે. તેમ છતાં સુરેશભાઇ અને ઇન્દિરાબેન માવતર જેવી કાળજી રાખી સ્નેહ આપે છે.

આશ્રમમાં રહેતા તમામ આશ્રમવાસીઓ - જેઓની સંખ્યા ૧૦૧૦થી વધારે છે. તેમનો પરિવાર વિધવિધ તહેવારો ઉજવે છે. અને એક મોટા કુટુંબની જેમ સુખદુઃખ વહેંચીને સાથે જીવે છે. કેમ કે બધાં સમદુખિયાં છે.

આશ્રમમાં દરેકના ઘર આગળ મોટો તુપસીકયારો છે. ત્યાં રોજ સાંજે દીવો પ્રગટાવીને, સૌ પોતપોતાનાં ઘર આગળ નાનકડી પ્રાર્થના કરે છે તે એકદમ સ્પેશિયલ, કેમ કે સમાજથી હડધૂત થયા પછી કડવાસ થૂંકવી અઘરી છે.

- સહયોગને સહયોગ આપનાર અને અપાવનારને પ્રભુ સુખી કરે.
- અમે જયાંથી આવ્યા છીએ ત્યાંનાં લોકોને પ્રભુ સુખી કરે.
- ભગવાન આપણને સુખી કરે.

સંસ્થાનું મંદિર પણ અનોખું છે. જેના ગુંબજમાં રક્તપિત્ત માટે કામ કરનારા - સેવા કરનારા સંતો - મહાપુરૂષોના ફોટા રાખવામાં આવ્યા છે જેમ કે, સંતદેવીદાસ, અમરબાઇ, મધર ટેરેસા, બાબા આમ્ટે, ગાંધીજી, ડૉ. હેન્સન. જેવા મહાપુરૂષો. મંદિરમાં ચારે બાજુ સુવાક્યો લખ્યાં છે તે પણ વિશિષ્ટ છે જેમ કે, એમને હસો નહીં, અમારી સાથે હસો...'

સુરેશભાઇ - ઇન્દિરાબેન ખભેખભા મિલાવીને આ યજ્ઞ કરી રહ્યાં છે. તેમનો પરિવાર પણ તેમાં જોડાયેલો છે. આ યજ્ઞમાં અવિરલ દાનનો પ્રવાહ વહેતો રહે છે. લગભગ ૨૪-૨૫ વર્ષથી ધૂણી ધખાવીને બેઠેલાં સુરેશભાઇ - ઇન્દિરાબેનને ૫૦ થી પણ વધારે એવોર્ડ આપીને સન્માનવામાં આવ્યાં છે જેના માટે તેઓ અસંખ્ય ધન્યવાદ અને અભિનંદનનાં અધિકારી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૧લી ઓગષ્ટ

- ગુજરાત કલા સંઘના સ્થાપક કલાગુરૂ રવિશંકર રાવલનો જન્મદિન ૧-૮-૧૮૯૨.
  કુમાર સાપ્તાહિકના સ્થાપક, પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત થયા.
- અભિનેત્રી મીનાકુમારીનો જન્મદિન ૧૯૩૨.
- લોકમાન્ય ટિળકનું રાત્રે ૧૨.૫૦ કલાકે તા. ૧-૮-૧૯૨૦માં અવસાન.
- ૧૮૨૬ હિન્દીની પહેલી ટંકશાળ શરૂ થઇ.
- ૧૯૦૪ ગાયકવાડ સરકારે ઇન્કમટેક્ષ - આવકવેરા દાખલ કર્યો.
- ૧૯૫૬ ખેડે તેની જમીન ક્રાંતિકારી કાયદો અમલમાં મૂકવામાં આવ્યો.

# મિત્ર સાંભળ હૃદયમાં મારા તારૂં સ્થાન જુદું છે, બધાને માટે છે સન્માન પણ તારૂં માન જુદું છે

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

જીવન એક નાટક છે, અને આ નાટકનાં નિર્માતા-નિર્દેશક છે પરમેશ્વર અને માનવી છે એનો કલાકાર. 'માનવ' નામનાં કલાકારને જીવન દરમિયાન અલગ અલગ પ્રકારની ભૂમિકાઓ ભજવવી પડે છે. જીવનનાં આ નાટકમાં પ્રત્યેક વ્યક્તિ કોઇક ને કોઇક ભૂમિકા ભજવતો હોય છે તો નિર્માતા - નિર્દેશક પરમેશ્વર એક જ નાટકમાં અલગ અલગ કલર બતાવતો હોય છે... પરમેશ્વરને પણ માન્ય કરવી પડે એવી એક મહત્ત્વની ભૂમિકા એટલે 'મિત્ર' નામનાં પાત્રને જ મળ્યો છે અને ભવિષ્યમાંય એને જ મળે એવી મારી જ શું તમારી પણ ઇચ્છા હશે જ ને??

જિંદગીમાં 'મિત્ર' નામનાં પાત્ર પર દિગ્દર્શક કયારેય લાઇટ ઑન કરતો નથી અને છતાંય અંધારામાં રહેલું આ પાત્ર જ જિંદગીમાં અજવાળું પાથરવા વિવિધ પ્રસંગે વિવિધ રૂપે અલગ અલગ કલરની સ્લાઇડ ચેન્જ કરી હાજર જ હોય છે... 'મિત્ર' નામનું પાત્ર તો છેક કૃષ્ણ-સુદામા, કૃષ્ણ-અર્જુન, દુર્યોધન-કર્ણ, રામ-હનુમાનની જેમ પ્રભુકાળથી જ અસ્તિત્વમાં છે... લોહીની સગાઇ આપવામાં જયા પ્રભુ થાય ખાઇ જાય એ જગ્યાએ 'મિત્ર' આપી એની એ ભૂલ સુધારી લેતો હોય છે!!

મિત્રતા કરવા માટે ફ્રેન્ડશીપ જ જોઇએ એવું નહીં પણ મૈત્રી તો જિંદગીનાં બાગમાં બારેય મહિના ખીલેલું રહેતું સુગંધીત ફુલ છે, અને એ ફુલની સુગંધ લઇ મિત્ર કાયમ મંત્રમુગ્ધ થઇ શકે છે... આમેય માણસ એ સમાજપ્રિય પ્રાણી છે, એ જયારથી પૃથ્વી પર અવતર્યો ત્યારથી જ એ નાનાં નાનાં ગ્રુપમાં રહેવા લાગ્યો અને એ પછી એણે બુધ્ધિના શસ્ત્ર પર પ્રગતિ કરી, પોતે શું નવું કર્યું અથવા શું નવું શોધ્યું છે એ કહેવા એ ખુશી પ્રગટ કરવા અને એનાં એ આનંદમાં સહભાગી થવાં મિત્ર મંડળો જોઇએ જ એવી એની અપેક્ષા હોય છે... અને એટલે જ શાળા-કૉલેજ-ઑફિસ કે ઘર નાનાં નાનાં ગ્રુપ કે મિત્રોની ટોળીઓ જોવાં મળે જ છે!!

બાળપણમાં આપણે જયારે પહેલીવાર સ્કૂલમાં જઇએ છીએ ત્યારે ત્યાં આવેલાં આપણા જેવાં અન્યોને જોઇએ છીએ. એમાંથી આપણને પસંદ પડે એવાં બે-ચાર જણાં જોડે આપણે બોલી, રિસેશમાં ડબ્બો સાથે ખાઇએ, મસ્તી કરીએ, ટપલીઓ મારીએ બસ ત્યારથી જ વ્યક્તિના જીવનમાં 'મિત્ર' નામનાં પાત્રની એન્ટ્રી થઇ જાય છે. એનાં મનમાં મિત્ર નામની કળી ખીલીને ફૂલનાં રૂપમાં રૂપાંતરિત થઇ જાય છે, એ થોડો 'ફ્રેન્ડશીપ ડે' હોય છે, માનવીનાં જીવનમાં પ્રત્યેક દિવસ એ 'ફ્રેન્ડશીપ ડે' જ હોય છે!!




'મિત્ર' એ તો આપણાં સુખ-દુઃખનો ભાગીદાર છે. સંકટ સમયે મદદ માટે દોટ મુકી 'સંકટ મોચન' સાબિત થાય છે. લગ્નનાં દિવસે વરઘોડામાં ખભે લઇ નાચનારો મિત્ર, જીવનની સંધ્યાટાણે અર્થીને ખભો આપી છેક સ્મશાન સુધી સાથ નિભાવે છે... પ્રેમની જેમ જ મૈત્રીમાં પણ દશે દિશાએ માફી હોય છે. મૈત્રી કરવાં ઉંમર, સ્થળ, નાત-જાત-લીંગ ભેદ કશાની મર્યાદા આડી આવતી નથી. આમાં એક રસપ્રદ વાત એવી છે કે જેને ગર્લફ્રેન્ડ નથી એ માણસ જ નથી એવી ઘોષણા કૉલેજનાં ગલ્લા પાર્ટી લૉફર મિત્રોએ કરી જ નાંખી છે...

જીવનમાં માત્ર મૈત્રી પુરતી, શારીરિક ચેષ્ટાઓથી દૂર રહી શકાય તો 'ગર્લફ્રેન્ડ' પણ મહત્ત્વની છે. કૉલેજમાં કલાસ બંક કર્યા વગર બધાં લેકચર એટેન્ડ કરી એની નૉટબુકસ આપનારી, ડબ્બામાંથી થેપલાં આપનારી કે પોતાના કરતાં મિત્રોની અધિક કાળજી લેનારી નિષ્પાપ જિંદગીમાં મદદરૂપ થતી 'ગર્લફ્રેન્ડ' ને કારણે જિંદગી પણ ફુલ ગુલાબી લાગે અને ગર્વ પણ અનુભવાય!!

જિંદગીના પ્રવાસમાં સારા મિત્ર - બહેનપણીઓની ડગલે ને પગલે જરૂરિયાત પડતી જ હોય છે. અને એટલે જ આપણી જિંદગીમાં પ્રત્યેક દિવસને 'ફ્રેન્ડશીપ ડે' તરીકે ઉજવવો જોઇએ, મિત્રો અને બહેનપણીઓ બનાવવી જોઇએ... વિદેશમાં કોક એક વ્યક્તિએ એકાદા દિવસને 'ફ્રેન્ડશીપ ડે' જાહેર કર્યો અને પછી આપણા યુવક-યુવતીઓ એજ મહિનામાં આવતાં નાગપાંચમ, રાંધણછઠ, જન્માષ્ટમી કે રક્ષાબંધન સામે ભૂલથી ન જોતાં એ આ મૈત્રીના રવિવારની રાહ જોવાં લાગ્યા અને જબરદસ્ત સેલિબ્રેશન પણ કરવાં લાગ્યાં!!

શાળા - કૉલેજનાં મિત્રો, ગ્રેજ્યુએશનનાં મિત્રો પછી નોકરી કે લગ્ન પછી સ્ત્રીઓને સાસરીમાં નવી મૈત્રી... પ્રત્યેક મુકામ પર નવાં નવાં મિત્રો બનતાં જાય છે, પણ પેલાં પહેલાંના મિત્રો કયાં જાય છે? એ કેમ ધીમે ધીમે દૂર થાય છે? અમુક અપવાદ બાદ કરતાં, સૌનાં મિત્રોનાં લીસ્ટમાં મિત્રોની અવર-જવર ચાલુ જ રહે છે...

જરા યાદ કરી જુઓ ગયાં વર્ષે જેમની સાથે ફ્રેન્ડશીપ ડે ઉજવ્યો હતો એ મિત્રો આજે કયાં છે? ફોન કરી જુઓ, અરે, પણ એનો તો નંબર જ બદલાઇ ગયો, અને એનું ઘર તો આપણને ખબર જ નથી, તો હવે એને કેમ નો શોધવાનો? આપણાં ઑરકુટ કે ફૅસબુકનાં ફ્રેન્ડ લીસ્ટ એ છે ખરો, પણ એક્ટિવ નથી, હવે એનો કોઇ કોન્ટેક્ટ જ નથી, માત્ર યાદોમાં જ રહી ગયો છે, આવી વાતો યંગસ્ટર્સનાં ગ્રુપમાં સાંભળવા મળે!!

(અનુસંધાન પાના નં. ૬ પર)